ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ખ્રિસ્તીનું નવું વરસ, યુવાનો 'પી'ને ઉજવે છે,*
*અને ધાંધલ-ધમાલ કરી પ્રજાને પજવે છે,*
*લજવે છે પ્રાર્થના અને પ્રેમનો મહાન ઉત્સવ*
*સાત્વિક શાંતિને બદલે ડીજે પાર્ટી ગજવે છે...*
*('૩૧'ની ઉજવણી...)*

### હાઈકુ

*ઈશુ નો આત્મા,*
*ચઢે છે ફરી ક્રોસે -*
*આ બધું જોઈ...*
*(ભગવાન નો વલોપાત)*

*ખબર નથી!*
*આ બધું કરે છે શું !*
*કરજે માફ!!*
*(ઈશુ ની પ્રાર્થના)*

### ચિંતન

**માધુર્યં પ્રમદાજનેષુ લલિતં દાક્ષિણ્યમાર્યે જને**
**શૌર્યં શત્રુષુ નમ્રતા ગુરુજને ધર્મિષ્ઠતા સાધુષુ ।**
**મર્મસેષ્વનુવર્તનં બહુવિધં માનં જને પણ્ડિતે**
**શાઠ્યં પાપિજને નહસ્ય કથિતાઃ પર્યન્તમષ્ટૌ ગુણાઃ ॥**

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

સ્ત્રીજનો સાથે સુંદર અને મધુર વર્તાવ, સજ્જનો સાથે શિષ્ટાચાર ભર્યો વ્યવહાર, શત્રુઓ સાથે ધર્મિષ્ઠપણું, મર્મજ્ઞ નિષ્ણાતો સાથે તે કહે તે પ્રમાણે તમને અનુસરવાપણું, પંડિતજનો પ્રત્યે માન અને પાપી દુષ્ટજનો સાથે શઠતા - આ પ્રમાણે જીવન પર્યંત રાખવા જેવા આઠ ગુણો છે.

અહીં જીવનની, સંસારની વાસ્તવિકતા સમજાવવા માટેનો બોધ છે. સારા સાથે સારા થવું અને દુષ્ટ સાથે દુષ્ટ. એ ચાણક્ય નીતિ છે - જેવા સાથે તેવા. 'આધ્યાત્મિક' નીતિ અલગ છે.

### સુવિચાર

- અફસોસ આક્રંદમાં પલટાય એ પહેલા જ એને થોભી જા કહી દેવું સારું - **ચિત્રલેખા**
- ન જીતમાં મજા છે, ન નાનમ છે હારમાં, નવરાશ નો સમય હતો, જીવન રમી ગયા - **મરીઝ**
- ફરી ભોગવવાની ઈચ્છા ના થાય, એનું નામ 'તૃપ્તિ' - **આપ્તસૂત્ર**
- સ્વચ્છંદ એટલે શું ? પોતે જજ, પોતે વકીલ ને પોતે જ આરોપી - **દાદા ભગવાન**
- એક સાધુ નું દિલ દુભાય ત્યારે પોતાને સજજન ગણવવા ઈચ્છતા તમામ માણસોને તેના જેવું દુઃખ થવું જોઈએ - **અખંડ આનંદ**
- નિષ્ઠા એ ન્યાયની બહેન છે - **સંત રોબિન**
- આજનું ઔષધ : જાંબુના ઠળિયાને પાણીમાં ઘસીને ખીલ લગાડવાથી ખીલ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કાંતિલાલ. મહાવીર સ્વામીના પરમ ભક્ત હતા. રૂ ની પુણીઓ બનાવીને વેચવી તથા મહેનત મજુરીનું છૂટક કામ કરી આજીવિકા ચલાવતો. પતિ-પત્ની બેઉ ખૂબ સંતોષી હતા. કયારેક એવા દિવસો પણ આપતા કે એક-બે ઉપવાસ પણ ફરજિયાત કરવા પડતા. કાંતિલા. નિયમિત સામાયિક કરતા. એકવાર તેઓ સામયિકમાં બેઠા હતા. પણ તેઓનું ચિત્ત આત્મામાં સ્થિર થતું નહોતું. તેમણે પત્નીને કહ્યું, આજે મારું મન સામયિકમાં સ્થિર થતું નથી. કંઈક અણહકનું દ્રવ્ય તો ઘરમાં આવ્યું નથી ને ? કાંતિલાલના પત્નીએ કહ્યું, 'આજે ઘરમાં રાંધવા માટે છાણા નહોતા એટલે રસ્તામાં જે અડાણા છાણા મળ્યા તે લઈને રસોઈ બનાવી છે. બાકી બીજું કંઈ ઘરમાં આવ્યું નથી.' કાંતિલાલે કહ્યું, 'બસ આજ કારણથી સામયિકમાં મારું મન લાગતું નથી. અણ હકના છાણાથી રસોઈ બનાવી તેનું આ પરિણામ છે. છાણાનો કોઈ માલિક ન હોય તો એ છાણાનો માલિક રાજા ગણાય. હવે ભલે આવતીકાલે રસોઈ ન બને પણ અણહકના છાણા આપણને ન ખપે.' આ ભારત દેશનાં સુવર્ણકાળની વાત છે જયાં રસ્તામાં પડેલા અણહકના છાણાં લેવામાં પણ અધર્મ ગણાતો હતો, ત્યાં આજે બીજાનું છીનવી લેવામાં પોતાની હોંશિયારી ગણાય છે.

# અલવિદા વર્ષ ૨૦૧૮

**તંત્રીસ્થાનેથી...**

સમય જ બળવાન છે, મનુષ્ય નહીં. સમયે જ કાળા માથાના માનવીને આ કઠોર સત્ય સમજાવ્યું છે. જે ક્ષણ ગઈ તે પાછી ફરતી નથી એટલે એની વિદાય ગમે તેવી વસમી હોય તો પણ અફસોસ કરવાનો કોઈ અર્થ નથી. આવનારી ક્ષણ આપણી હયાતીમાં આવશે કે કેમ અને આવશે તો એ આપણા માટે કેવી સોગાદ લાવશે - એ આપણે જાણતા નથી. એથી શાણા માણસો માત્ર અને માત્ર વર્તમાનમાં જીવવાની શિખામણ આપતા રહ્યા છે. ૨૦૧૮નું વર્ષ વિદાય લઈ રહ્યું છે. દેશ અને દુનિયામાં એ સમયગાળા દરમિયાન ઘણું બધું બની ગયું છે અને ઘણું ભવિષ્યમાં બની શકે એમ હોવાની એંધાણીઓ મળી ચૂકી છે. આપણા અંતર્ગત જીવનમાં પણ એક વરસનો સમયગાળો કોઈ ને કોઈ કડવી મીઠી યાદો મૂકી ગયું હશે. સમય સામે કોઈનું ચાલ્યું નથી કે ચાલવાનું નથી. જીવ માત્રની જિંદગીમાંથી વર્ષાન્તે એક વરસ બાદ થઈ જતું હોય છે અને મૃત્યુ એક કદમ નજીક આવી જતું હોય છે. સારું છે કે માણસ આ અવશ્યંભાવી ઘટના પ્રત્યે ઉદાસીન રહી જીવનના પ્રવાહ સાતે વહેવાની કળા શીખી ગયો છે. મહાભારતમાં યુધિષ્ઠિરને યક્ષ પૂછે છે : આ જગતનું સૌથી મોટું આશ્ચર્ય કયું ? યુધિષ્ઠિર ટકોરાબંધ જવાબ આપે છે : માનવી જાણે છે કે એક ને એક દિવસો મોત તો આવવાનું જ છે, પણ એ એવી બેફામ મસ્તીમાં જીવે છે કે જાણે એને કયારેય મરવાનું જ ન હોય! આ 'બેફામ મસ્તી' અને માનવીને કુદરત તરફથી મળેલી સૌથી મોંઘેરી ભેટ છે. ઈસુના વર્ષાન્તે સાન્તાક્લોઝ અવનવી ભેટો લઈને આવે છે. વરસ તો મરી રહ્યું છે અને જીવ માત્રના જીવનમાંથી એક વરસની બારોબાર બાદબાકી થઈ રહી છે - પણ એથી શું ? ના, એ સોગિયું ડાચું લઈ શોક મનાવવાનો પ્રસંગ નથી. એ નવા વરસને નવી આશાઓ અને ઉમંગો સાથે વધાવવાનું વર્ષ છે. જે જઈ રહ્યું છે એને પ્રેમથી જવા દો અને જે આવી રહ્યું છે એને દિલફેંક ઉમળકાથી વધાવી લો. માનવી આ સૃષ્ટિનું સૌથી બુદ્ધિશાળી અને ઊર્મિશીલ પ્રાણી છે. એને જીવવું ગમે છે. જીવનમાં રંગોળી પૂરવાનું, મોજમસ્તીની છોળો સાથે અલૌકિક ગીત-સંગીતના સૂરો રેલાવી ઝૂમવાનું ગમે છે. વિદાય થઈ રહેલા વરસને આવી માદક મસ્તીભરી વિદાય આપવાની પ્રથા માનવીની પ્રબળ જિજીવિષાનો જ આવિષ્કાર છે. એમાં અતિરેક થાય ત્યારે એની મીઠાશમાં પોલીસના દરોડાની કડવાશ ભળતી હોય છે. તંત્રને તો કાયદો-વ્યવસ્થા જાળવવાં જ પડે. ઈસુના વર્ષની આ ઉજવણી એ ગ્લોબલાઈઝેશનનું જ દૃષ્ટાંત છે. એને આપણા વાનરવેડાથી ખરડીએ એ તો ઈસુનું અપમાન જ ગણાય.

# વસીયતનામાના આધારે બીન ખેડૂત જમીન ધારણ કરી ખેડૂત ના બની શકે



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

આઝાદી પહેલા દેશમાં જુદા જુદા ભાગમાં ખેતીની જમીન અંગે જુદી જુદી પધ્ધતિ અમલમાં હતી જેવી કે જમીનદારી, સામંતશાહિ, રૈયતવાળી, સમગ્ર જમીનની માલીકી બ્રિટીશ હુકમતના વિસ્તારો સીવાય દેશી રજવાડાઓની માલીકીની હતી. રાજયનું મુખ્ય આવકનું સાધન જમીન મહેસુલ હતું અને જે તે સમયે ૯૦ ટકા વસુલી ખેતી ઉપર નિર્ભય હતી ઉદ્યોગ ધંધા હતા જ નહિ. જમીનદારો ખેડૂતો પાસેથી આકરી રીતે જમીન મહેસુલ વસુલ કરતા અને જમીન જપ્તી (રાજયસાત) પણ કરતા.

હાલના મહારાષ્ટ્ર અને ગુજરાતનો પ્રદેશ મુંબઈ પ્રાંત તરીકે ઓળખાતો હતો અને બ્રિટીશ હુકમતના બાકિના દેશી રજવાડાઓને તેમની પોતાની જમીન મહેસુલ પધ્ધતિ હતી. પ્રગતિશીલ વડોદરા અને ગોંડલ રાજય સીધા ખેડૂતો પાસેથી મહેસુલ ઉઘરાવતા હતા અને ગોંડલ રાજયએ તો આઝાદી પહેલા ખેડૂતોને તેઓના કબજા આપેલા હતા.

સ્વતંત્રતા મળ્યા પછી કલ્યાણકારી રાજયની સ્થાપનાના ભાગરૂપે જમીન સુધારા લેન્ડ રીફોર્મ કાયદાઓ અમલમાં આવ્યા અને જેને બંધારણના શીડયુલમાં પણ સમાવેશ કરવામાં આવ્યો.

જમીન સુધારા અંતર્ગત મુંબઈ પ્રાંતમાં ગણોત ધારો ૧૯૪૮ માં અમલમાં આવ્યો અને ખેડૂત જે સંરક્ષીત ગણોતીયો અને આરશિત ગણોતીયા હતા તે ખેડો તેની જમીન ના સિધ્ધાંત મુજબ તેઓને હક્ક આપવામાં આવ્યા હતા અને આ કાયદામાં ખેડૂત કોને ગણી શકાય તેની વ્યાખ્યા નક્કિ કરવામાં આવી હતી, ખેડૂત એટલે કે ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલી વ્યક્તિ જેમાં વંશ પરંમપરાગત ખેતી કરનાર ઈસમોનો પણ સમાવેશ કરવામાં આવેલો છે.

ગણોત કાયદા કલમ ૨(૨) માં જાત ખેતીની વ્યાખ્યા પણ નક્કિ કરવામાં આવેલ અને જેમાં ખેતીની જમીન ધારણ કરનાર વ્યક્તિ પણ ફકત આઠ કિ.મી. ની મર્યાદામાં તેના સુપરવિઝન હેઠળ ખેતી કરી શકે તેવી જોગવાઈ હતી અને આ ખેડૂતની વ્યાખ્યા અને જાત ખેતીની જોગવાઈઓ ખેતી પ્રધાન દેશમાં ખેડૂતોને તેમનો હક્ક આપવામાં અને દેશના અન્ન ઉત્પાદનમાં અને ખેતીની જમીનોનો કાર્યસાધન ઉપયોગ થાય અને દેશના અન્નક્ષેત્રે સ્વાવલંબી થાય અને દેશના ખેતીના વ્યવસાય સાથે જોડાયેલ વ્યક્તિઓના હક્ક જળવાય તે મુખ્ય ઉદ્દેશો હતો.

બંધારણમાં જમીન એ રાજયની વિષય સુચી હોવાથી દરેક રાજયોને જમીનોના લગતા અને જમીન સુધારણાને લગતા કાયદાઓ ઘડવાની સત્તાઓ સ્વતંત્ર આપવામાં આવી છે.

ગુજરાત સરકારે ૧૯૯૮ માં ગણોત ધારાની કલમ ૨(૨) અને ૨(ક) કે જે ૮ કિ.મી.ની મર્યાદામાં ખેતીની જમીન ધારણ કરવા માટે પ્રતિબંધ હતો તે શંકરસીંહ વાઘેલાની સરકારે રદ કરી પેરીફેરી એકટ નાબુદ કરેલ અને રાજયનો ખેડૂત ગમે તે શહેરમાં કે ગામમાં ખેતીની જમીન ખરીદી શકે, ધારણ કરે, ખેતી કરે તે કાયદો લાવ્યા. સૌરાષ્ટ્ર, કચ્છ વિસ્તારમાં સૌરાષ્ટ્ર ઘટબેડ કાયદો લાગુ પડે છે. કલમ ૫૪ અને ૫૬ મુજબ પરવાનગી લેવા પાત્ર થાય છે. ખેતીની જમીન હોય મર્યાદા માત્રામાં ખેતીની જમીન ધારણ કરી શકે છે.

ગણોત ધારા કલમ ૬૩ માં ખેડૂત સીવાયની વ્યક્તિ ખેતીની જમીન ધારણ ન કરી શકે તેવી સ્પષ્ટ જોગવાઈ છે અને જે વ્યક્તિ ખેડૂત બનવા માંગતી હોય તે વ્યક્તિ નાયબ કલેકટરશ્રીની પરવાનગીથી અને જેની વાર્ષિક આવક ૫૦૦૦/- પાંચ હજારથી વધારે ના હોય તેવી જ વ્યક્તિ ખેડૂત થઈ શકે, આમ બીન ખેડૂત વ્યક્તિએ ખેતીની જમીન ધારણ કરવા માટે પ્રતિબંધ મુકવામાં આવેલ કારણ કે મુળભૂત ખેતીના વ્યવસાય સાથે જોડાયેલ વ્યક્તિઓનો જીવન નિર્વાહ ખેતી ઉપર થઈ શકે, ખેતી ઉત્પાદન વધી શકે અને રાજય અને દેશના વૃધ્ધી દરમાં વધારો થઈ શકે જો બીન ખેડૂત વ્યક્તિ ખેતીની જમીન ધારણ કરતો થાય તો તેમાં જાતે ખેતી કરવાને બદલે વ્યવસાયીક ધોરણે જમીન કુદરતી સંસાધનો નફાનું સાધન ન બને તે મુળભૂત ઉદ્દેશ રહેતો હતો જેથી કાયદાની પરિભાષામાં ખેડૂત સીવાયની વ્યક્તિ ખેતીની જમીન કાયદેસર રીતે ધારણ કરી શકતો નથી.

વીલ યાની વસીયતનામાની જોગવાઈ મીલ્કત હસ્તાંતરણ અધિનિયમ હેઠળ થયેલ છે. વાસ્તવમાં મુળ તત્વો પ્રમાણે કોઈ પણ વ્યક્તિ સ્વપાર્જીત મીલ્કત પોતાની સ્વસ્થ્ય માનસીક અવસ્થામાં એ સાક્ષીઓની હાજરીમાં વસીયતનામા કરી શકે છે. આ વસીયતનામાની ફરજીયાત નોંધણી કરાવવી જરૂરી નથી. સાદા કાગળ ઉપર થઈ શકે છે.

જયારે વીલ અંગે કોઈ વિવાદ થાય તો તે અંગે સીવીલ કોર્ટમાંથી પ્રોબેટ સર્ટીફિકેટ મેળવવું જરૂરી બને છે.

મીલ્કત હસ્તાંતરણ અધિનિયમ અને ગણોત ધારા કાયદાની કલમ ૬૩ બન્નેનું યોગ્ય સ્વરૂપે અર્થઘટન જરૂરી છે જેને કારણે મહેસુલી કાર્ય પધ્ધતિમાં સંખ્યાબંધ બીન ખેડૂત વ્યક્તિઓએ ખેતીની જમીન ધારણ કરેલ છે. ખરેખર તો તાબાના મહેસુલી અધિકારીઓ કે જે હક્કપત્રકમાં નોંધ પ્રમાણિત અધિકારી છે તેઓએ આવી કાયદાની જોગવાઈઓ નિષ્ફળ બનાવવાના હેતુથી પ્રમાણિત કરવી જોઈએ નહિ અને વાસ્તવીક સ્થિતિ જોઈએ તો વીલ, વસીયતનામામાં ખોટી રીતે ઉપજાવી કાઢીને ફકત ખેડૂત બનવાના ઈરાદાથી આવી વસીયત થાય છે જે ગેરકાયદેસર નોંધ પ્રથમથીજ બીન કાયદેસર છે. તેને કોઈપણ તબક્કે કાયદેસરતા મળતી નથી આવી નોંધ પ્રમાણિત કરવા ઉપર પ્રતિબંધ છે અને જો આવી નોંધ મામલતદારે પ્રમાણિત કરેલ હોય તો કલેકટરે રીવીઝનમાં લઈ રદ કરવી જોઈએ. આ બાબતે નામદાર કોર્ટે સર્વગ્રાહી ચુકાદો આપતા ઠરાવ્યું છે કે કોઈપણ બીન ખેડૂત વ્યક્તિ વીલ યાની વસીયતનામાથી ખેડૂત ખાતેદાર ના બની શકે. સુપ્રિમ કોર્ટે આવા ૯૯ કેસોમાં પ્રથમથી જ ગેરકાયદેસર હસ્તાંતરણ ઠરાવી હુકમ કરેલ છે.

# સગપણ જરૂર પણ વળગણ ન રાખીએ

**જે કૈં થયું એ સાવ છડેચોક થઈ ગયું!**
**એક સ્વપ્ન થયું હાર ! બીજું ડોક થઈ ગયું!**
**વ્યવહારમાં વણાઈ છે મેનર્સ એ હદે!**
**મારાં જ ઓરડામાં જતા નોક થઈ ગયું !**
**સગપણ તો જિંદગીથી યથાવત હજુય છે!**
**વળગણ પરંતુ સાવ હવે ફોક થઈ ગયું.**

**- ડૉ. મનોજ જોશી 'મન'**

કવિ ડૉ. મનોજ જોશીએ ઉપરોક્ત કાવ્યમાં ગીતાના અનાસક્તિયોગનો અદ્ભૂત રીતે પુનરોચ્ચાર કર્યો છે! અને એ જ વાતને વધુ સારી રીતે સમજાવતાં ઉદાહરણ મનુભા પંચોળીની આ ત્રણ દૃષ્ટાંત દ્વારા સુપુરે વર્ણવાઈ છે :

આઈઝનહોવરે પોતે બીજા વિશ્વયુદ્ધનો એક કિસ્સો નોંધ્યો છે. આઈઝનહોવર મિત્ર રાજયોના સેનાપતિ હતા. જર્મની પર ચડાઈ કરનાર સૈન્યના સરસેનાપતિ હતા. તેના હાથ નીચે ચાલીસ લાખ સૈનિકો અને ડઝનબંધ જનરલો હતા. પેટન આમાંના મોવડી હતા. તે ટેંકદળના વડા અને નિષ્ણાત હતા. તે વખતે તેની બોલબાલા હતી,.

એક દિવસ પેટન ઘાયલોની હોસ્પિટલમાં જઈ ચડ્યા. ત્યાં તેણે એક સૈનિકને જોયો. પૂછયું : 'તમે તો ઘાયલ થયા નથી લાગતા. તમે કેમ અહીં છો?' સૈનિક કહે : મને બહુ બીક લાગે છે મોરચા પર.' પેટને તેને જોરથી તમાચો માર્યો : 'બીકણ! હોસ્પિટલ તારે માટે નથી.'

એ વખતે દાકતરો, નર્સો સાથે હતા. પેલો સૈનિક રડવા લાગ્યો. પેટને તેની સામે જોયું નહીં અને ચાલતા થયા. દાકતરોના વડા કહે : 'જનરલ, તમારો વર્તાવ અણશોભતો હતો. એ દર્દી અમારી દેખરેખ નીચે હતો. એને માટે તો મારી જવાબદારી છે.' પેટન કહે : 'બીકણ લોકોને મારા સૈન્યમાં સ્થાન નથી. તેના પર તો બરફના પાણીની ડોલો ઢોળવી જોઈએ, જેથી તેનું મગજ ઠેકાણે આવે.'

પેટનની સામું તો કોઈ બોલી ન શકે. પણ આ પ્રસંગ ઘણાની રૂબરૂમાં જ બનેલો, એટલે વાત છાની ન રહે. યુદ્ધ - ખબરપત્રીઓએ તરત આ પ્રસંગના તારસંદેશા મોકલ્યા. પણ તે સેન્સરે રોક્યા. ખબરપત્રીઓએ સરસેનાપતિને ફરિયાદ કરી. આઈઝનહોવરે તેમને સમજાવ્યા : 'ખબર મોકલાય તો પેટન સામે તપાસ કરવી પડે. તેને ઠપકો આપવો પડે. કદાચ હોદ્દો પણ છોડવો પડે. આ બધું ચાલુ યુદ્ધે આપણા લાભમાં નથી.'

પણ પેલા ખબરપત્રીઓને સંતોષ ન થયો. સમાચાર બીજી રીતે પણ પહોંચ્યા. અને અમેરિકન છાપાંઓમાં તેની સનસનાટી મચી ગઈ. પેટનને પણ પૂછવામાં આવ્યું.

પેટન મોટા જનરલ. ટેંકયુદ્ધનાં નિષ્ણાંત. તેનું ટેંકદળ માર-માર કરતું જર્મન સરહદમાં ઘૂમતું હતું. પેટને ખોટું તો કર્યું જ હતું. પણ પેટન હઠીલા હતા. તુમાખીવાળા હતા. અમેરિકન દળોમાં તેની પ્રતિષ્ઠા પણ ઘણી હતી. એણે કહ્યું, : 'હું રાજીનામું આપી દઉં, પણ માફી નહીં માગું. એક સિપાઈને મેં બે લાફા માર્યા, એમાં શું થઈ ગયું?'

આઈઝનહોવરે કહ્યું : 'એ માત્ર સિપાઈ નથી, અમેરિકન નાગરિક છે. અમેરિકામાં કોઈ પણ માણસને ગમે તેવો મોટો માણસ પણ લાફો મારે, એ બની જ ન શકે.'

આઈઝનહોવરે મહામહેનતે પેટનને સમજાવ્યા. અને એ જ હોસ્પિટલમાં, એ જ સિપાઈ અને દાક્તર-નર્સોની રૂબરૂમાં દિલગીરી દર્શાવવાનું ગોઠવ્યું.

કયાં ટેંકદળોની મારમાર કૂચ. કયાં જર્મનીને ભિડાવી શરણે લાવનારી વ્યૂહરચના અને કયાં એક બીકણ સિપાઈને મારેલો તમાચો અને દર્શાવાયેલી દિલગીરી !

આઈઝનહોવરને કંઈ મંથન નહિ થયું હોય? કે આ આવડો મોટો સેનાપતિ રાજીનામું આપશે તો શું થશે ? કયા જોર પર આ માણસે આ પગલું ફર્યું હશે ?

અન્યાય તે અન્યાય; મોટો કરે કે નાનો કરે, તે ન જ ચલાવી લેવાય. આ પાયાની વાત.

પેટને માફી માગવી જ પડી.

●●●

આવો જ બીજો કિસ્સો છે ચર્ચીલનો.

ઈટાલીમાં મિત્રરાજયો આગળ વધી રહ્યાં હતા ત્યારે, ઉત્તર ઈટલીના શહેરમાં એ જમાનાના મોટા ચિંતક, ઈતિહાસવિદ્દ, તત્ત્વવેત્તા ક્રાઉચે કહેતા હતા. એણે ઈતિહાસ, સૌંદર્યશાસ્ત્ર પર ગ્રંથો લખેલા છે. ચર્ચીલને સમાચાર મળ્યા કે જર્મની વળતો હુમલો કરવાના છે અને ક્રાઉચેના ગામ આગળથી પસાર થવાના છે. એ વખતે જર્મની એને પકડી જાય ને જેલમાં ગોંધી રાખે તો? કદાચ જેલમાં જ એને મારી નાખે તો? એણે તરત જ વાયરલેસથી સંદેશો મોકલાવી આપ્યો કે : 'આ ગામ આપણા કબજામાં નથી. વિખ્યાત ફિલસૂફ ક્રાઉચે ત્યાં રહે છે. ને જર્મનો એને ઉપાડી જાય એવો સંભવ છે. તેથી ત્યાં બસો પેરશુટિયા ઉતારો ને એ ગામનું રક્ષણ કરો. જરૂર લાગે તો ક્રાઉચેને બીજે લઈ જાવ.'



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

દુનિયાની આવડી મોટી લડાઈ ચલાવનારો માણસ, જેને માથે કરોડો માણસોની વ્યવસ્થા છે, એ માણસને મન યુદ્ધની ભીષણતા એ બિનમહત્ત્વની વસ્તુ છે. રોજ હજારો મારણો મરતા હશે. માણસોના મરવાનો હિસાબ તો યુદ્ધમાં હોતો જ નથી. એ માણસ આટલું સૂક્ષ્મતાથી જુએ છે! આવો એક માણસ પણ આપણે કેમ ખોઈ શકીએ? આ એક ચિત્તની અવસ્થા છે. અનાશક્તિની અવસ્થા છે.

●●●

મહાભારતમાં પણ આવો જ પ્રસંગ આવે છે.

એક ટિટોડી રઘવાઈ થઈને આંટા મારતી હતી. ભગવાનનું ધ્યાન ગયું. પૂછ્યું : 'કેં અહીયા આવી છો?'

પેલી કહે : ભગવાન, મારા ઈંડા અહીં પડ્યા છે. હમણાં બધા રથો ને હાથીઓ અહીં દોડશે. અને મારા ઈંડા કચડાઈ જશે, તેથી આવી છું.'

ભગવાન કહે : 'દિવસોથી અહીં યુદ્ધનાં પડઘમ વાગતા હતા તેની ખબર નો'તી?'

પેલી કહે : 'ખબર તો હતી.'

'પછી...?'

'મને એમ કે કાંઈ નહિ થાય. ભાઈઓ ભાઈઓ બાઝશે તો નહિ જ. વળી તમારા જેવા સલાહકાર છે, પછી તો ન જ બાઝે ને? એમ મને થયું હતું.'

ભગવાન કહે : 'ઠીક, ઠીક; અત્યારે તું જા. તારાં ઈંડાને હું સાચવીશ.'

અને ભગવાન એ જ વખતે હાથીની ડોકેથી ઘંટ લઈને ટિટોડીનાં ઈંડાં માથે મૂકી દીધાં. ઘમસાણ લડાઈ ચાલી. પછી સાંજે ભગવાન અર્જુનને કહ્યું : 'તું જરા થોભ અહીં. રથમાં જ બેસજે. નીચે ન ઊતરતો. હું હમણાં જ આવું છું.'

જે યુદ્ધ અઢાર દિવસ ચાલ્યું તેમાં બોતેર લાખ માણસો મર્યાનો અંદાજ છે. એટલે રોજના ચાર લાખ માણસો મર્યા છે. એ યુદ્ધમાં કૃષ્ણ ભગવાનન શું ચિંતા છે ? આ ટિટોડીનાં ઈંડાં તો બચવાં જ જોઈએ.

સાંજે ઈંડા હાથમાં લઈને ગયા. ટિટોડીને આપ્યાને કહ્યું, 'લે, લઈ જા તારાં ઈંડાં.'

આ અનાસક્તિ છે.

જે મરવાને પાત્ર છે એ ભલે મર્યા, પણ જેનો ગુનો નથી એ શું કામ મરે ?

'ગીત'માં વારે વારે કહે છે : 'યુદ્ધ સ્વ વિગત જવર :' જવર ન ચડવો જોઈએ. 'મારી નાખું - ખોખરો કરી નાખું !' એવો જવર ચડે છે આપણને. તેવો જવર ચડવો ન જોઈએ ને લડવું જોઈએ. 'મહાભારત'ના મર્મનો એક ભાગ આ છે.

**- મનુભાઈ પંચોળી**

**Last seen :**
**હોદ્દાનો છે કમાલ કે હોઠ જ કમાલ છે !**
**સીધું ને સાદું વાક્ય હતું ! શ્લોક થઈ ગયું.**
**આગળ જઈને આંખથી ક્યાં ક્યાં ખૂંચી ઝલક !**
**ડુસ્કું જે સંઘરેલ હતું ! પોક થઈ ગયું !**

**- ડો. મનોજ જોશી 'મન' (જામનગર)**

- nehalgadhavi101@gmail.com

# મરાઠી વડાપ્રધાનના ટંકાર સાથે 'ઠાકરે'નો પડકાર

શિવસેના પ્રમુખ બાળ ઠાકરે મુંબઈના વાંદરાસ્થિત ''માતોશ્રી''માંથી ગર્જના કરે અને મુંબઈ ધ્રુજે એવા ''હિંદુહૃદયસમ્રાટ''ને દિવંગત થયાનાં સાત વર્ષ પછી લોકસભાની ચૂંટણીનાં પડઘમ વાગતાં હોય ત્યારે જ શિવસેનાના સાંસદ સંજય રાઉત ''ઠાકરે'' ફિલ્મ લઈને આવે એનું વિશેષ મહત્વ છે.મરાઠી અને હિંદીમાં આ ચિત્રપટનું ટ્રેલર અત્યારે ધૂમ મચાવે છે.જોકે એની શરૂઆતના પહેલા કથનનો અવાજ બાળ ઠાકરે જેવો પ્રભાવી લાગતો નથી, પરંતુ વર્ષ ૧૯૭૭થી લઈને ૧૯૯૯ લગી જે બાળાસાહેબને નિકટથી જોવાનો અને પરખવાનો અવસર મળ્યો એને આધારે એટલું તો કહી શકાય કે ''સામનાકર'' સંજયે એમના વ્યક્તિત્વને ફિલ્મમાં સુપેરે નિખાર આપ્યો છે. ''માણસાચી કિંમત છાતી કિતી ઈંચાચી આહે યાવર ઠરવત નસતાત...તાકદ મેંદૂત અસતે''( માણસની છાતી કેટલા ઈંચની છે એના પર માણસની કિંમત થતી નથી, એના દિમાગ પર એનો આધાર રહે છે); આ સંવાદ સીધો જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નિશાન બનાવવાનો સંકેત છે. વળી, ''મરાઠી માણૂસ પંતપ્રધાન ઝાલાચ પાહીજેત'' એ સંવાદ પણ શરદ પવાર (વિપક્ષી ઉમેદવાર) અને નીતિન ગડકરી (સંઘનિષ્ઠ ભાજપી ઉમેદવાર) પર વડાપ્રધાનપદનો કળશ ઢોળવાનો સંકેત કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં સત્તામાં સહશયન કરનાર શિવસેના સાથી પક્ષ ભાજપથી કાયમ રૂસણે રહીને હવે આપવા ઈચ્છે છે. બાળાસાહેબ અને પવારના સંબંધો કાયમ નિકટના રહ્યા છે. એ જ રીતે ગડકરીને કેન્દ્રમાં મંત્રી રહીને આજકાલ પ્રથમ વડાપ્રધાન પંડિત નેહરુની યાદ ખૂબ સતાવે છે. વચ્ચે લાગલગાટ પાંચ દિવસ ગડકરી પોતાના પક્ષના મોવડીમંડળને સાંકડે લેતાં નિવેદનો કરતા રહ્યા છે. જોકે બહુ ઓછી વ્યક્તિ ''હું જ વડાપ્રધાનનો ઉમેદવાર છું'' એવાં ઢોલ પીટવામાં સ્વાવલંબી રહે.

આગામી ૨૫ જાન્યુઆરીથી રિલીઝ થનારી ''ઠાકરે'' ફિલ્મનું આજના તબક્કે અનેરું રાજકીય મહાત્મ્ય છે. કેન્દ્ર સરકારહસ્તકના સેન્સર બોર્ડે એમાં કેટલાક કટ સૂચવ્યા હોવા છતાં નિર્માતા રાઉતે એના માટે સાફ નન્નો ભણી મિત્ર પક્ષને મૂંઝવવાની વધુ એક સોગઠી મારી છે. કોંગ્રેસપ્રમુખ રાહુલ ગાંધીનું રાફેલ કાંડ વિશેનું બહુચર્ચિત સૂત્ર ''ચોકીદાર ચોર''ને શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ પણ જાહેર ભાષણોમાં જ નહીં, પોતાના અખબારમાં પણ ચલણી બનાવ્યું છે. એમના આશીર્વાદ સાથે આ ફિલ્મ મહારાષ્ટ્રની ''વાઘાચી ઔલાદ''ને ૮૦ ટકા નોકરીઓ મળવી જ જોઈએ અને ''ભીખ નહીં, અધિકાર'' તરીકે મરાઠી માણૂસને ન્યાય અપાવવાની બાબતમાં પ્રસ્તુત થવાની છે. ઠાકરેની ઠાકરી ભાષામાં (જેનો ઉલ્લેખ તેમણે શિવાજી પાર્ક ખાતે પોતાના દૈનિક અખબારના લોકાર્પણ વખતે કર્યો હતો) ભલભલા ચમરબંધીઓને પણ સુણાવી દેવાની કે ગર્ભિત કે પ્રકટ ધમકી આપવાની શૈલી પણ આ ટ્રેલરમાં ઝીલી છે. હમણાં મધ્યપ્રદેશના કોંગ્રેસી મુખ્યમંત્રી કમલ નાથે રાજ્યના લોકો માટે એટલેકે

- **''મરાઠી માણૂસ પંતપ્રધાન ઝાલાચ પાહીજેત'' સંવાદમાં શરદ પવાર કે નીતિન ગડકરીનો આપવાનો સ્પષ્ટ સંકેત**
- **દક્ષિણ ભારતીય સદાનંદના ''ફ્રી પ્રેસ જર્નલ''માં કાર્ટૂનિસ્ટથી કારકિર્દી શરૂ કરનાર બાળાસાહેબે રાજકીય ઈતિહાસ સર્જ્યો**
- **મુંબઈના મેયરપદે શિવસૈનિકને બેસાડવા માટે ભાજપ અને હાજી મસ્તાનની પાર્ટીનો ટેકો લેવામાં જરાય છોછ નહોતો**
- **ઠાકરે અને ઇન્દિરાજીના નિકટના રાજકીય સંબંધો રહ્યા અને મોરારજીના ઘૃણાભાવને કારણે મૃત્યુ પછીય ખૂબ ભાંડ્યા**

સ્થાનિકો માટે ૭૦ % નોકરીઓ અનામત રાખવા સંદર્ભે નિર્ણય કર્યો ત્યારે શિવસેનાએ એને વધાવી લીધો હતો, જયારે તેના મિત્રપક્ષ ભાજપના નેતાઓ કમલ નાથને ભાંડી રહ્યા હતા. શિવસેના ગુજરાતમાં ઉદ્યોગોમાં ય ૮૫ % સ્થાનિકોને માટે નોકરીઓ અનામત રાખવાના માધવસિંહ-અમરસિંહ યુગના કાયદાનું સમર્થન કરે છે. હવે વર્તમાન મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ ગુજરાતના ઉદ્યોગોમાં ૮૦ % નોકરીઓ સ્થાનિકોને આપવા કાયદો કરવાનો આલાપ જપવા માંડ્યા છે.



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

દક્ષિણ ભારતીય સદાનંદના ''ફ્રી પ્રેસ જર્નલ''માં કાર્ટૂનિસ્ટ તરીકે કારકિર્દી શરૂ કરનાર ઈતિહાસસર્જક બાળાસાહેબ ૨૩ જાન્યુઆરી ૧૯૨૬ના રોજ પુણેમાં જન્મ્યા અને ૧૭ નવેમ્બર ૨૦૧૨ના રોજ મુંબઈમાં એમણે અંતિમ શ્વાસ લીધા. કરમશી સોમૈયા નામક ગુજરાતી ઉદ્યોગપતિ સજ્જન થકી ઠાકરે પરિવારને માઠા દિવસોમાં હૂંફ મળી હતી, એ વાત પ્રબોધનકાર ઠાકરેનાં સંસ્મરણોમાં જેમ વિસરાતી નથી,એમ મુંબઈ રાજ્યના શાસક મોરારજી દેસાઈએ ત્રણ દિવસ માટે બાળાસાહેબને જેલમાં નાંખ્યા હતા એ વાત પણ સદગત વડાપ્રધાન મોરારજીભાઈના ૧૯૯૫માં મૃત્યુ લગી ભૂલ્યા નહોતા. ઠાકરેએ મોરારજીને ખૂબ ભાંડ્યા હતા. ફિલ્મમાં ''મોરારજી ગો બેક''નાં ફલક દર્શાવીને તેમને માટે બાળાસાહેબને જે ઘૃણા હતી એ પ્રગટ કરેલી છે. મૂળે બાળાસાહેબ મુંબઈમાં આરએસએસની શિવ તીર્થ (શિવાજી પાર્ક)ના બાળ સ્વયંસેવક,પણ સમયાંતરે એ કોંગ્રેસની નિકટ સરક્યા હતા અને ૧૯૬૬માં કોંગ્રેસની રાજ્ય સરકારના મંત્રી બાળાસાહેબ દેસાઈના ઈશારે તેમણે કેટલાક મિત્રો સાથે મળીને ''મરાઠી માણૂસના હક્ક માટે લડવા'' શિવસેનાની સ્થાપના કરી હતી.

મુંબઈમાં શિવસેનાએ એવી ધાક બેસાડી હતી કે ઈન્દિરા ગાંધી વડાંપ્રધાન હતાં ત્યારે પણ ઠાકરેના નિવાસસ્થાને તેમની મુલાકાત લેવાનું પસંદ કરતાં હતાં. ફિલ્મમાં ઠાકરે અને ઈન્દિરાજીના નિકટના રાજકીય સંબંધો દર્શાવાયા છે. મોરારજીના ત્રણ દિવસના તાપ સમા અનુભવને પગલે ઠાકરેને જેલવાસનો ખૂબ ડર રહેતો. ઈમર્જન્સીમાં પણ કોંગ્રેસના નિષ્ઠાવાન મિત્ર તરીકે તેમણે વડાંપ્રધાન શ્રીમતી ગાંધીને ટેકો આપ્યો હતો. મુંબઈ મહાનગરપાલિકા પર ભગવો ઝંડો ફરકાવવામાં તેમને વર્ષ ૧૯૮૪ પછી ભાજપ અને દાણચોર તરીકે કુખ્યાત મનાતા હાજી મસ્તાનની પાર્ટીનો ટેકો લેવામાં જરાય છોછ નહોતો. બાળાસાહેબની શૈલી ''ટિટ ફોર ટેટ''ની રહેતી હતી. ફિલ્મમાં એ વ્યક્તિત્વ મુંબઈમાં પાકિસ્તાન સામે ક્રિકેટ રમવાથી લઈને બાબરી ધ્વંશ સુધીની જવાબદારી લેવામાં ઉપસે છે. એ સર્વવિદિત છે કે ભાજપની ટોચની નેતાગીરીએ અદાલતોમાં બાબરી ધ્વંશની જવાબદારી લેવાનું ટાળતાં કાને હાથ દીધા ત્યારે ઠાકરેએ ગૌરવભેર પોતાના શિવસૈનિકોએ એ કામ કર્યાનું જાહેર કર્યું હતું! ઓક્ટોબર ૨૦૧૪ની વિધાનસભાની ચૂંટણી કોંગ્રેસ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ, ભાજપ અને શિવસેના અલગ અલગ રીતે લડ્યા હતા. ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભામાં ભાજપ આપબળે બહુમતી ધરાવતો નથી. ભાજપને બહુમતી કરીને સરકાર રચવામાં શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસનો ટેકો મળ્યો હતો. શિવસેના તો પાછળથી જૂના મિત્ર પક્ષના નેતૃત્વવાળી સરકારમાં જોડાઈ.બાળાસાહેબ જીવતા હતા ત્યાં લગી કેન્દ્રમાં ભાજપ ''બિગ બ્રધર''ની ભૂમિકામાં અને રાજ્યમાં શિવસેના ''બિગ બ્રધર''ની ભૂમિકામાં રહેતી હતી. જોકે મોદીયુગમાં એ સમીકરણ બદલાતાં રૂસણે બેઠેલી શિવસેના અલગ થઈને લોકસભા ચૂંટણી લડવાનો સંકલ્પ કરી ભાજપ પર દબાણ લાવે છે. બિહારમાં મિત્રપક્ષો સામે ઝૂકવાનું પસંદ કરનાર ભાજપ આગામી વિધાનસભા ચૂંટણી માટે શિવસેનાની રાજ્યમાં મુખ્યમંત્રીપદની માંગણી સામે ઝૂકે છે કે કેમ એ આવતા દિવસોમાં રસપ્રદ થઈ પડશે.

ઈ-મેઈલ : haridesai@gmail.com